*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 046(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ છે.**
2) **પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.**
3) **પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.**
4) **નવો વિભાગ નવા પાના પર લખવો.**
5) **વિભાગ C, D અને E માં જનરલ ઑપ્શન છે.**

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. દરેકનો 1 ગુણ છે.** **[20]**

1) જ્ઞાનને અમલમાં મૂકવાની સરળ પદ્ધતિ એટલે શું ?

(A) વ્યવસાય

(B) વિજ્ઞાન

(C) કળા

(D) દોરવણી

2) નવપ્રશિષ્ઠ વિચારધારાના પ્રણેતા કોણ હતા ?

(A) હર્ઝબર્ગ

(B) હેનરી ફેયોલ

(C) ફ્રેડરીક ટેલર

(D) એલ્ટન મેયો

3) આયોજનની વિધિનો પ્રથમ તબક્કો જણાવો.

(A) હેતુ નિર્ધારણ

(B) આધાર સ્પષ્ટ કરવા

(C) વૈકલ્પિક યોજના ઘડવી

(D) ગૌણ યોજના ઘડવી

4) કયા વ્યવસ્થાતંત્રને લશ્કરી વ્યવસ્થાતંત્ર કહે છે ?

(A) શ્રેણિક

(B) રૈખિક

(C) કાર્યાનુસાર

(D) અવૈધિક

5) નીચેનામાંથી શું અપનાવવાથી ભાવી સંચાલકો તૈયાર કરી શકાય ?

(A) વિકેન્દ્રીકરણ

(B) કેન્દ્રીકરણ

(C) વિમૂડીકરણ

(D) શ્રમ વિભાજન

6) ઉમેદવારની અરજી મળવા સુધીના કાર્યને શું કહે છે ?

(A) સામાન્ય કાર્ય કહેવાય

(B) ભરતીનું કાર્ય કહેવાય

(C) જાહેરાતનું કાર્ય કહેવાય

(D) પસંદગીનું કાર્ય કહેવાય

7) ઉચ્ચ સંચાલકો અને વિભાગીય અધિકારીઓને આપવામાં આવતા સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાનને શું કહે છે ?

(A) સ્થળાંતર

(B) બઢતી

(C) વિકાસ

(D) તાલીમ

8) દોરવણીના કયા તત્ત્વમાં દેખરેખ, નિયમન અને વિશ્લેષણનો સમાવેશ થાય છે ?

(A) નિરીક્ષણ

(B) અભિપ્રેરણ

(C) નેતૃત્વ

(D) તાલીમ

9) નેતૃત્વના અમલ માટે શાનું અસ્તિત્વ હોવું જરૂરી છે ?

(A) નિરીક્ષકો

(B) નિયોજકો

(C) તાબેદારો

(D) સંચાલકો

10) પ્રયત્નો, પરિણામ તથા સાધનો અને ઉદ્દેશ વચ્ચે સંતુલન સાધવાનું કાર્ય એટલે શું ?

(A) દોરવણી

(B) કર્મચારી વ્યવસ્થા

(C) સંકલન

(D) અંકુશ

11) સંપત્તિના મહત્તમીકરણનો અભિગમ કયા ખ્યાલ ઉપર આધારિત છે ?

(A) નફાકારકતા

(B) સામાજિક જવાબદારી

(C) સંપત્તિના વર્તમાન મૂલ્ય

(D) રોકડ પ્રવાહ

12) રોકાણ અંગેના નિર્ણયો એટલે -

(A) મૂડી પડતર

(B) મૂડી બજેટિંગ

(C) મૂડી માળખું

(D) નફાનું પુનઃ રોકાણ

13) સંગઠિત નાણાં બજારનું નિયંત્રણ કોના દ્વારા થાય છે ?

(A) સેબી

(B) સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા

(C) રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા

(D) નાણાકીય સંસ્થાઓ

14) નવી બહાર પાડવામાં આવતી જામીનગીરીઓના વેચાણનું બજાર એટલે -

(A) શૅર બજાર

(B) પ્રાથમિક બજાર

(C) ગૌણ બજાર

(D) સટ્ટા બજાર

15) બ્રાન્ડિંગનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?

(A) પેદાશ વધુ ટકાઉ બનાવવાનો

(B) પેદાશ કાયદા મુજબ બનાવવાનો

(C) પેદાશની જાહેરાત કરવાનો

(D) હરીફોની પેદાશથી પોતાની પેદાશ અલગ બનાવવાનો

16) .......... ને પેદાશના વસ્ત્રો પણ કહી શકાય છે.

(A) પેકિંગ (B) લેબલિંગ

(C) બ્રાન્ડિંગ (D) કિંમત

17) વાલીપણાનો સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(A) જવાહરલાલ નહેરૂ

(B) સુભાષચંદ્ર બોઝ

(C) ઇન્દિરા ગાંધી

(D) ગાંધીજી

18) નીચેનામાંથી કયો હક્ક ગ્રાહક સુરક્ષાના કાયદા-1986 મુજબ નથી ?

(A) સુરક્ષા

(B) પ્રાથમિક જરૂરિયાતો

(C) જાણકારી

(D) પસંદગી

19) કયા પ્રકારના આયોગમાં સભ્યોની નિમણૂંક કેન્દ્ર સરકાર કરે છે ?

(A) જિલ્લા સ્તર

(B) રાજ્ય સ્તર

(C) રાષ્ટ્રીય સ્તર

(D) આંતરરાષ્ટ્રીય સ્તર

20) આવશ્યક ચીજ-વસ્તુઓનો ધારો કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યો ?

(A) 1951 (B) 1955

(C) 1969 (D) 1986

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 21 થી 30 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

21) સંચાલન એટલે શું ?

22) નીતિ એટલે શું ?

23) સત્તા સોપણી કોને કહેવાય ?

24) વૈધિક વ્યવસ્થાતંત્ર એટલે શું ?

25) પ્રતીક્ષા યાદી સમજાવો.

26) અભિપ્રેરણ એટલે શું ?

27) કાયમી મૂડીના ઘટકો કયા છે ?

28) મુંબઇ શૅર બજારની સ્થાપના કયા વર્ષમાં થઇ હતી ?

29) પ્રસિદ્ધિનો અર્થ આપો.

30) CERC નું પૂરું નામ જણાવો.

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 31 થી 47 સુધીના કુલ 17 પ્રશ્નોમાંથી કોઈપણ 13 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. દરેકના 2 ગુણ છે.** **[26]**

31) સંચાલનથી સમાજને કયા લાભ મળે છે ?

32) 'Rule of Thumb' કોને કહે છે ?

33) આયોજન ખર્ચાળ છે. શા માટે ?

34) કર્મચારી વ્યવસ્થા એ માત્ર કલ્યાણકારી પ્રવૃત્તિ નથી. શા માટે ?

35) માનવ સંસાધન સંચાલનની કામગીરીમાં આયોજન સાથેની સંબંધિત બાબતો જણાવો.

36) માસ્લોની જરૂરિયાતોના અગ્રતાક્રમની આકૃતિ દોરો.

(નોંધ - અંધ વિદ્યાર્થીઓએ માસ્લોની જરૂરિયાતોના અગ્રતાક્રમના માત્ર મુદ્દાઓ જ જણાવવા)

37) 'અંકુશ એ સતત પ્રક્રિયા છે.' - સમજાવો.

38) 'આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે.' - સમજાવો.

39) 'મૂડી માળખું એ માલિકીની મૂડી અને દેવાનું મિશ્રણ છે.' - સમજાવો.

40) કૉલ મની અને નોટિસ મની વચ્ચે મુખ્ય કયો તફાવત છે ?

41) લેબલિંગના ઉપયોગો જણાવો.

42) બજાર પ્રક્રિયા સંચાલનની વેચાણ વિભાવના સમજાવો.

43) વિતરણનાં માધ્યમો / પ્રકારો જણાવો.

44) ગ્રાહક શોષણ વિશે સમજૂતી આપો.

45) જાહેર હિતની અરજી વિશે ટૂંકમાં જણાવો.

46) સમજાવો : (i) ખાનગીકરણ (ii) વિમૂડીકરણ

47) ધંધાકીય પર્યાવરણનું મહત્ત્વ સ્પષ્ટ કરો. (કોઈપણ બે મુદ્દા ચર્ચો)

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 48 થી 59 સુધીના કુલ 12 પ્રશ્નોમાંથી કોઈપણ 8 પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** **[24]**

48) સંકલનનું મહત્ત્વ જણાવો.

49) ઉત્પાદન સંચાલનનો અર્થ આપી તેના કાર્યો જણાવો.

50) સમજાવો : (i) સત્તાની રૈખિક સાંકળનો સિદ્ધાંત
(ii) પહેલવૃત્તિનો સિદ્ધાંત

51) એક ઉપયોગી અને આકસ્મિક યોજના સમજાવો.

52) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર સમજાવો.

53) વ્યવસ્થાતંત્રની લાક્ષણિકતાઓ સમજાવો.

54) "તાલીમ ખર્ચાળ છે, પરંતુ તેની ગેરહાજરી વધુ ખર્ચાળ છે." વિધાન સમજાવો.

55) અંકુશ પ્રક્રિયાના છેલ્લા તબક્કા વિશે સમજૂતી આપો.

56) તફાવત આપો : કુલ કાર્યશીલ મૂડી અને ચોખ્ખી કાર્યશીલ મૂડી

57) નોંધ લખો : નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ

58) વેચાણ વૃદ્ધિની પ્રયુક્તિઓ સમજાવો. (કોઈપણ ત્રણ)

59) વૈશ્વીકરણની ભારતીય અર્થતંત્ર પર ઉદ્‌ભવેલ હકારાત્મક અસરો વિશે તમારા પ્રતિભાવ આપો. (કોઈપણ છ)

## વિભાગ - E

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 60 થી 65 સુધીના કુલ 06 પ્રશ્નોમાંથી કોઈપણ 4 પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. દરેકના 5 ગુણ છે.** ***[20]***

60) સંચાલનની વિવિધ સપાટીઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

61) આયોજન એટલે શું ? તેની લાક્ષણિકતાઓ સમજાવો.

62) પસંદગીની પ્રક્રિયા સમજાવો.

63) દોરવણીનો અર્થ આપી લાક્ષણિકતાઓ સમજાવો.

64) બિનનાણાકીય પ્રોત્સાહનોની સમજ આપો.

65) ગ્રાહક સુરક્ષાના કાયદા મુજબ ગ્રાહકોની જવાબદારીઓ વર્ણવો.

◆◆◆